જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૨/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૦૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૩૭૮ લીટર દેશી દારૂ, ૩૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૩૬ બીયરટીન અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રુપિયા ૩,૩૦,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૦૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૦૪/૧૭**

**સાબરમતી** : દુરગેશસિંગ રામનાથસિંગ કુશવાહ (રહે, પોરલ 100 ફ્લેટ આનંદ વિહાર સોસાયટીની બાજુમાં ત્રાગડરોડ સાબરમતી) એ તા.૨૫/૨/૧૭ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૨/૧૭ રાતના ૧૨/૦૦ થી તા.૨૩/૨/૧૭ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૭૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડિ.એન.સાધુ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૪૦૫/૧૭**

**વટવા** : પ્રિયંકાબહેન વા/ઓ અરુણભાઈ શર્મા (ઉ.વ.૨૬)(રહે,સત્કાર હોમ્સ શ્રીરામ રેસીડેન્સીની પાસે નારોલ વટવા) તા.૨૫/૨/૧૭ ના કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે નારોલ શ્રીરામ રેસીડેન્સીની ઓફીસની સામે રોડ ઉપરથી પસાર થતાં હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રિયંકાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રિયંકાબહેન શર્માએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૪૦૬/૧૭**

**જી.આઇ.ડી.સી.વટવા** : મનહરભાઈ સોમાભાઈ પટેલ (ઉ.વ.૭૦)(રહે.ગામ: પીપળાવ તા.સોંજીત્રા જી.આણંદ)એ તા.૨૫/૨/૧૭ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૨/૧૭ ના કલાક ૧૧/૧૫ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન મનહરભાઇ તેમની પત્ની સાથે જશોદાનગર બસ સ્ટેન્ડ થી કેડીલા બ્રીજ સુધી ઓટો રીક્ષામાં બેસી કરેલ મુસાફરી દરમ્યાન, બંનેની નજર ચુકવી કોઇ અજાણી વ્યક્તિ થેલામાં રાખેલ રોકડા રૂપીયા ૩,૦૦,૦૦૦/- ની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૦૭/૧૭**

**કૃષ્ણનગર** : સુનીલભાઇ શીવજીભાઇ પટેલ (રહે,આકાશગંગા બંગ્લોઝ, સોનું બંગ્લોઝની સામે, રાધિકા પાર્કની બાજુમાં નરોડા) એ તા.૨૪/૨/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની ઈનોવા ગાડી નંબર જીજે-૦૧-કે.એ-૭૦૬૬ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૫/૨/૧૭ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ સુનીલભાઇ પટેલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૦૮/૧૭**

**રિવરફ્રન્ટ વેસ્ટ**ઃ અરવિંદ જયરામભાઇ પરમાર (ઉ.વ.૨૫)(રહે,ચામુંડાચોક ખોડીયારનગર પીરાણા રોડ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૫/૨/૧૭ ના કલાક ૧૨/૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે રીવરફ્રન્ટ નદીના પૂર્વ કિનારે વોકવે નજીક પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી પૂંજાભાઇ કરશનભાઇ ચલાવે છે.

**ચાંદખેડા** : કલ્પેશકુમાર ખુશાલભાઇ વાઘેલા (ઉ.વ.૪૫)(રહે,હિરાધન હેલસીયોન, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૨/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનુજી કાળુજી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)